Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન વિદ્યાર્થીઓએ અનુસરવાની સૂચનાઓ

## INSTRUCTIONS TO BE FOLLOWED BY THE STUDENTS DURING THE ADMISSION PROCESS

દક્ષિણ ગુજરાત વિસ્તારની એકમાત્ર સ્ટેટ યુનિવર્સિટી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સરકારી યુનિવર્સિટી) માં પ્રવેશ માટે આવેદનપત્ર ભરવા બદલ અભિનંદન અને શુભેચ્છાઓ

Congratulations and best wishes for applying for admission to Veer Narmad South Gujarat University (Government University), the only state university in South Gujarat region.

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ની પ્રવેશ પ્રક્રિયા ખુબજ સરળ, પારદર્શી અને વિદ્યાર્થીભિમુખ બનાવવમાં આવી છે. તમામ પ્રકારના સામાજિક-આર્થિક વર્ગોના વિદ્યાર્થીઓ સરળતાથી પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઇ શકે તથા નાની નાની ભૂલોને કારણે પ્રવેશથી વંચિત ના રહી જાય તે હેતુથી તમામે તમામ કાર્યવાહીઓ ખુબ સરળ બનાવવમાં આવી છે વળી, તમામે તમામ કાર્યવાહીઓ કોલેજ અને યુનિવર્સિટી એ જ કરવાની છે માટે વિદ્યાર્થીઓને નિર્ભીક અને નિશ્ચિન્ત થઇ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા નામર અનુરોધ છે. સફળતા પૂર્વક પ્રવેશ ફોર્મ ભર્યા બાદની પ્રવેશ કાર્યવાહીની સૂચનાઓ/વિગતો નીચે મુજબ છે.

The admission process of South Gujarat University has been made very easy, transparent and student-oriented. All procedures have been made very easy so that students of all socio-economic classes can easily participate in the admission process and not be deprived of admission due to minor mistakes. All procedures must be done by the college and university so that the students feel fearless and assured. Therefore, students are requested to participate in the admission process fearlessly and confidently. Following are the instructions/details of the admission procedure after successfully submitting the admission form.

૧. દરેક વિદ્યાર્થીને યુનિવર્સિટીની પ્રવેશની ઈ.આર.પી. સિસ્ટમનું લોગીન આપવામાં આવ્યું છે. સફળતા પૂર્વક ફોર્મ ભર્યા બાદ તમામે તમામ પ્રકારની પ્રવેશ કાર્યવાહી સંબંધી સૂચનાઓ દરેક વિદ્યાર્થીને પોતાના ડેશબોડમાં જ મળી રહેશે. વિદ્યાર્થીએ દરરોજ દિવસમાં ઓછામાં ઓછુ બે વાર પોતાના ડેશબોર્ડમાં લોગીન

-૨-

કરીને ચેક કરવાનું રહેશે તથા તેમાંથી મળતી માહિતી / સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. <u>(આ સૂચના સૌથી અગત્યની છે)</u>

1. University Admission ERP System login is provided to each student. After successfully submitting the application form, students will get all kinds of admission process-related instructions in their dashboard only. **The student has to log in to his dashboard at least twice a day and follow the information/instructions provided on the dashboard.** **<u>(This instruction is very important)</u>**

૨. વિદ્યાર્થીઓ ચોઈસ કે પ્રેફરન્સ આપવામાં ખુબ ભૂલો કરતા હોય છે માટે વિદ્યાર્થીઓની આવી ભૂલ થાય જ નહિ તે હેતુથી વિદ્યાર્થીઓ પાસે પ્રવેશ ફોર્મમાં કોઈપણ પ્રકારની ચોઈસ કે પ્રેફરન્સ લેવામાં આવ્યા નથી. જે પ્રોગ્રામ (કોર્સ) માટે વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભર્યું હશે એ પ્રોગ્રામ ની તમામે તમામ કોલેજો (જે કિસ્સામાં ઝોન હશે તેમાં જે તે ઝોનની તમામ કોલેજો, અનુસ્નાતક અભ્યાસક્રમોમાં હાયર ફી કે રેગ્યુલર ફી હશે તો એ બંને પ્રકારની ફીની કેટેગરી) વિદ્યાર્થીની ચોઈસ ગણાશે. આ તમામ કોલેજો પૈકી જેજે કોલેજોમાં વિદ્યાર્થીને પોતાના મેરીટ અને કેટેગરી અનુસાર પ્રવેશ મળવા પાત્ર હશે તે તમામે તમામ કોલેજોમાં વિદ્યાર્થીને પ્રવેશ ઓફર કરવમાં આવશે.

2. Students generally make many mistakes in giving choices or preferences; hence no choice or preference has been taken from the students in the admission form. The program (course) for which the student has applied, all the colleges of the program (in case of the zone, all the colleges of the zone, in case of higher fee or regular fee in postgraduate courses, both types of fee category) will be considered as the choices of the student. Out of all these colleges, the student will be offered admission to various colleges according to their merit and category in all the colleges.

૩. દરેક કોલેજ સ્વતંત્ર રીતે પોતાની કોલેજના લોગીનમાંથી મેરીટ તથા કેટેગરી અનુસાર પ્રવેશ માટેના રાઉન્ડ પાડીને પ્રવેશ પ્રક્રિયા કરશે. વિદ્યાર્થીને આ રાઉન્ડ અંગેની રિયલ ટાઈમ માહિતી પોતાના લોગીનમાં લોગીન કરવાથી દેખાશે, આ માહિતી મેળવી રાઉન્ડમાં દર્શાવેલ સમયગાળા દરમ્યાન જ વિદ્યાર્થીએ જે તે કોલેજ/વિભાગ પર રૂબરૂમાં પહોંચીને પ્રવેશ માટે સંપર્ક કરવાનો રહેશે. જો વિદ્યાર્થી રાઉન્ડના સમયગાળા દરમ્યાન જે તે કોલેજનો સંપર્ક કરશે નહીં તો વિદ્યાર્થી તે કોલેજમાં પ્રવેશ લેવા માંગતો નથી એમ માની એના પછીના મેરિટના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી દેવામાં આવશે તથા રાઉન્ડના સમયગાળા દરમ્યાન સમય પર ન પહોંચનાર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી શકાશે નહિ. ડેશબોર્ડ જોવાનું ચુકી ગયા કે ડેશબોર્ડ જોવાનું ભૂલી ગયા તેવાં કારણો દર્શાવીને કરવામાં આવનાર કોઈપણ વિનંતી ગ્રાહ્ય રાખી શકાશે નહીં.

-3-

3. Each college will conduct the admission process independently from its login by conducting merit and category-wise admission rounds. The student will see the real-time information about these admission rounds created by colleges by logging in to their dashboard with the login ID and password. After getting this information, the student will have to visit the college/department in person and contact for admission during the period indicated in the round. Suppose the student does not contact the college during the round period. In that case, it will be assumed that the student does not want to take admission to that college, after which students in the merit sequence will be given admission, and those who do not reach on time during the round period will not be allotted admission. Any request made for failure to view the dashboard or citing reasons for forgetting to view the dashboard will not be entertained.

૪. એકવાર એક કોલેજમાં પ્રવેશ મેળવી લેવાથી બીજી કોલેજમાં પ્રવેશ મેળવવાનો હક કે તક જંતો રહેતો નથી. એકવાર એક કોલેજમાં (A કોલેજ) પ્રવેશ મેળવી લીધો હોય ત્યારબાદ જો વિદ્યાર્થીને વધુ પસંદ હોય તે કોલેજમાં પ્રવેશ મળે (B કોલેજ) તો વિદ્યાર્થીએ ત્યાં (B કોલેજ) પ્રવેશ મેળવી લેવાનો રહેશે. અન્ય કોલેજમાં (B કોલેજ) પ્રવેશ મેળવતાં અગાઉ જે કોલેજમાં (A કોલેજ) પ્રવેશ મેળવેલ હશે તે પ્રવેશ રદ કરાવવાના હેતુથી તે કોલેજમાં (A કોલેજ) જવું જરૂરી નથી.

4. Once admitted to one college, the right or opportunity to get admission to another college is not lost. Once admitted to one college (A college), then if the student gets admission to the college of their choice (B college), the student has to get admission there (B college). It is not necessary to go to that previous college (A college) for the purpose of cancelling the admission to take admission to another college (B College).

૫. રાઉન્ડના સમયગાળા દરમ્યાન કોલેજ પર પ્રવેશ માટે જાઓ ત્યારે પોતાના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર (જે મોબાઈલમાં પ્રવેશ ફોર્મ ભરવા માટેનો ઓ.ટી.પી આવ્યો હશે તે મોબાઈલ નંબર) વાળો હેન્ડ સેટ પોતાની સાથે રાખવો ફરજીયાત છે. કોલજમાં પ્રવેશ કાર્યવાહી દરમ્યાન આ મોબાઇલ નંબર પર ઓ.ટી.પી આવશે તે કોલેજમાં પ્રવેશ કાર્યવાહી માટે આપવાનો રહેશે.

5. It is mandatory to carry a handset with your registered mobile number (the mobile number on which the OTP for submitting the admission form was received) while going to the college for admission during the round period. During the admission procedure in the college, the OTP received on this mobile number will have to be given for the admission procedure in the college.

૬. કોલેજો વિદ્યાર્થીને પ્રોવિઝનલ પ્રવેશ આપતાં પહેલાં વિદ્યાર્થીઓ પાસેથી અસલ દસ્તાવેજો જોઈને વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મમાં દર્શવેલ વિગતો સાથે સરખામણી કરીને ખરાઈ કરશે. મેરીટ યાદીમાં દર્શાવેલ

- 4 -

ગુણ માર્કશીટમાં દર્શાવેલ ગુણ મુજબ બરાબર મેચ થાત છે કે કેમ તેની ખાસ ચકાસણી કરશે. જો વિદ્યાર્થીને કોઈપણ પ્રકારની અનામત બેઠક પર પ્રવેશ ફાળવવાનો થતો હોય તેવા કિસ્સાઓમાં આવી અનામત બેઠકનો લાભ લેવા માટે જરૂરી એવાં પ્રમાણપત્રોની પણ ખરાઈ કરવામાં આવશે. જે તે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે નિર્ધારિત થયેલ યોગ્યતા (એલિજિબિલિટી) અનુસારની લાયકાત વિદ્યાર્થી ધરાવે છે કે કેમ તેની પણ ચકાસણી કરવામાં આવશે. આ તમામ બાબતોની ચકાસણી કર્યા બાદ વિદ્યાર્થી જો પ્રવેશ મેળવવા માટે લાયક બનતો હોય તો જ પ્રોવિઝનલ પ્રવેશ ફાળવવામાં આવશે.

6. Colleges will verify the original documents from the students by comparing them with the details provided by the student in the online form before granting provisional admission to the student. Colleges will specifically check whether the marks mentioned in the merit list exactly match the marks mentioned in the mark sheet. In cases where the student has to be allotted admission on any type of reserved seat, the certificates required for availing such reserved seat will also be verified. It will also be verified whether the student fulfils the prescribed eligibility criteria for admission to the programme. After verifying all these things, the student will be allotted provisional admission if they are eligible.

૭. કોલેજો વિદ્યાર્થી પાસે ટોકન ફી રૂ. ૧૫૦૦/- લઈને ઓનલાઇન પ્રવેશ ફાળવશે (જે કિસ્સામાં કોલેજની કુલ ફી રૂ.૧૫૦૦/- કરતા ઓછી હશે તેવા કિસ્સામાં વાસ્તવિક ફી જેટલી રકમ જ લેશે). પ્રવેશ મેળવ્યા ના દિન -૧૦ માં વિદ્યાર્થીએ કોલેજની પુરેપુરી ફી ભરવાની રહશે અને દિન -૧૦ માં જો પુરેપુરી ફી નહિ ભરે તો કોલેજ વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરી શકશે. આ પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન એકવાર વિદ્યાર્થી પ્રવેશ મેળવે અને પુરેપુરી ફી ભરી દે ત્યારબાદ જો વિદ્યાર્થી એના એજ પ્રોગ્રામમાં અન્ય કોલેજમાં કે અન્ય પ્રોગ્રામમાં પ્રવેશ મેળવે તો વિદ્યાર્થીને પુરેપુરી ફી પરત મળી જશે.

7. College will take a token fee of Rs. 1500/- and will allot online admission to the student (if the total college fee is less than Rs. 1500/-, the college will take actual fees). The student will have to pay the entire college fee within ten days of admission, and if the entire fees is not paid within ten days, the college can cancel the student's admission. During this admission process, once the student gets admission and pays the full fee, the entire fee will be refunded to the student if the student gets admission to another college or other program.

કુલસચિવ

ક્રમાંકઃએકે./પ્રવેશ /૧૨૬૮૭/ ૨૦૨૩

તા. ૨૯/૦૫/૨૦૨૩